INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૧-૦૨-૨૦૨૬

- **વન જમીન અધિકાર કાયદો-૨૦૦૬ , ૨૦ વર્ષ પછી પણ નર્મદા જિલ્લાના લોકોના જંગલ જમીનના દાવાઓ પેન્ડિંગ કેમ છે? ભાજપ સરકાર જવાબ આપે : અમિત ચાવડા**
- **73 AA ની આદિવાસીઓની જમીનો NA કરી ને પડાવી લેવાનું મોટું કૌભાંડ ચાલે છે : અમિત ચાવડા**
- **નર્મદા સુગર ફેક્ટરીમાં ખેડુતોને શેરડીનો ભાવ ટન દિઠ 5000 આપવામાં આવે તેવી માંગ : અમિત ચાવડા**
- **સરકારની નિષ્ફળ નીતિના કારણે આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીનો ડ્રોપઆઉટ રેશિયો વધ્યો : અમિત ચાવડા**
- **SOU પ્રોજેક્ટમાં સ્થાનિક યુવાનોને કાયમી રોજગાર આપવાને બદલે ભાજપના મળતીયાઓને એજન્સી બનાવી સ્થાનિક યુવાનોનું શોષણ કરવામાં આવે છે : અમિત ચાવડા**
- **અનુસૂચિ ૫ અને પેસા એક્ટની અનદેખી કરી વિકાસ પ્રોજેક્ટના નામે આદિવાસીઓના જળ,જંગલ ને જમીનો છીનવી લેવામાં આવે છે : અમિત ચાવડા**
- **હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો અભાવ, દર્દી સારવાર કરાવવા અન્ય જીલ્લામાં જવા મજબુર : તુષાર ચૌધરી**

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ૩જા ફેઝના દશમાં દિવસે દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ આજે સવારે 9:00 વાગે રાજપીપળાથી પ્રસ્થાન કરીને ગોપાળપૂરા, નવા વાઘપૂરા ,ગરૂડેશ્વર, કોયરી, કેવડિયા, વગડિયા, ગોરા, બોરિયા, રાજપીપડા, ખમાર, બોરીટ્રા, માંડણ, ખુંટાઅંબા, મોજી, મોબી, ડેડિયાપાડા પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં દશમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉમંગભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન બાઈક રેલી તથા સ્થાનિક લોકો સાથે વાતચીત કરી તેમની તકલીફ અને દર્દ સાંભળીયા હતા.

નર્મદા સુગર ફેક્ટરીમાં ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળતું નથી. હાલમાં ખેતીના ખર્ચમાં થયેલો સતત વધારો, ખાતર અને બિયારણના ઊંચા ભાવ તથા મજૂરી ખર્ચને ધ્યાનમાં રાખીને ખેડૂતોને શેરડીનો ભાવ ટન દીઠ રૂ. 5,000 આપવાની પ્રબળ માંગ શ્રી અમિત ચાવડાએ કરી હતી. સુગર ફેક્ટરી દ્વારા આ પોષણક્ષમ ભાવ આપવામાં નહીં આવે, તો ખેતી કરવી આર્થિક રીતે પરવડે તેમ નથી. સરકારની નબળી નીતિઓ અને આયોજનના અભાવે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે, જેના પરિણામે વિદ્યાર્થીઓના ડ્રોપઆઉટ રેશિયો (શાળા છોડવાનું પ્રમાણ)માં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આદિવાસી પટ્ટામાં શાળાઓનું અંતર, અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓનો અભાવ વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહે છે.

વન જમીન અધિકાર કાયદો–૨૦૦૬ લાગુ થયાને લગભગ ૨૦ વર્ષ થવા આવ્યા છતાં નર્મદા જિલ્લાના હજારો આદિવાસી પરિવારોના જંગલ જમીનના દાવાઓ આજે પણ પેન્ડિંગ છે. ભાજપ સરકાર ડિજિટલ ઇન્ડિયાના દાવાઓ વચ્ચે પણ ગરીબ આદિવાસીઓના હક્ક માટેના પુરાવાઓ ચકાસવામાં આટલો લાંબો સમય કેમ લાગે છે? સ્થાનિક સ્તરે ગ્રામ સભાના ઠરાવો અને ખેડાણના પુરાવાઓ હોવા છતાં, વહીવટી તંત્ર દ્વારા વારંવાર ક્વેરી કાઢીને કે ટેકનિકલ કારણોસર દાવાઓ પેન્ડિંગ રાખવા એ સરકારની મનશા પર શંકા જન્માવે છે. આદિવાસીઓને જળ, જમીન અને જંગલના માલિક બનાવવાના બદલે તેમને કચેરીઓના ધક્કા ખાવા મજબૂર કરવામાં આવ્યા છે. ગુજરાત જમીન મહેસૂલ કાયદાની કલમ 73 AA હેઠળ આદિવાસીઓની જમીનોના રક્ષણ માટે કડક જોગવાઈઓ હોવા છતાં, હાલમાં આ જમીનોને બિન-ખેતી (NA) કરાવીને હડપવાનું એક મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડમાં ભૂમાફિયાઓ આદિવાસીઓની જમીન પર ખોટા દસ્તાવેજો કે સત્તાવાર મંજૂરીઓના જોરે કિંમતી જમીનો પડાવી રહ્યા છે. નિયમ મુજબ, કલેક્ટરની પૂર્વ મંજૂરી વગર આદિવાસીની જમીન બિન-આદિવાસીને વેચી શકાતી નથી, તેમ છતાં વહીવટી છટકબારીઓ શોધીને જમીનને બારોબાર NA કરાવવામાં આવે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) પ્રોજેક્ટના નિર્માણ સમયે સ્થાનિક આદિવાસીઓને રોજગારની મોટી આશા હતી, પરંતુ વાસ્તવમાં સ્થાનિક રહેવાસીઓને નોકરી પર રાખવામાં ન આવ્યા. ભાજપના મળતીયાઓને એજન્સીઓના કોન્ટ્રાક્ટ દેવામાં આવ્યા. પોતાની જ જમીન પર નિર્મિત આ વિશ્વકક્ષાના પ્રોજેક્ટમાં હકકનું કામ ન મળતા સ્થાનિક આદિવાસી સમાજમાં સરકાર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. PESA એક્ટ (Act)ની જોગવાઈઓની સરકાર ઘોર અનદેખી કરી રહી છે. વિકાસના મોટા-મોટા વાયદાઓ અને પ્રોજેક્ટ્સના નામે આદિવાસી સમાજની જીવાદોરી સમાન જળ, જંગલ અને જમીન છીનવી લેવાનું વ્યવસ્થિત કાવતરું ચાલી રહ્યું છે. ગ્રામસભાઓની મંજૂરી લીધા વિના જ જમીનોનું સંપાદન કરવું અને ઉદ્યોગપતિઓના ફાયદા માટે કુદરતી સંસાધનનો ભોગ લેવાઈ રહ્યો છે. આદિવાસી સંસ્કૃતિ અને તેમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે જે સ્વાયત્તતા મળવી જોઈએ, તેના બદલે સત્તાના જોરે તેમના જંગલો અને નદીઓ હડપવામાં આવી રહ્યા છે, જે આદિવાસી સમુદાયના આર્થિક અને સામાજિક પતન તરફ આગળી વધી રહ્યા છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, ગામડાં અને અંતરિયાળ વિસ્તારોમાં હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો અભાવ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. જ્યારે સ્થાનિક સ્તરે પૂરતી તબીબી સુવિધાઓ, નિષ્ણાત ડૉક્ટરો કે આધુનિક સાધનો ઉપલબ્ધ હોતા નથી, ત્યારે સામાન્ય બીમારી પણ જીવલેણ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં, ગંભીર હાલતમાં રહેલા દર્દીઓને તાત્કાલિક સારવાર માટે અન્ય જિલ્લાઓ કે મોટા શહેરોમાં જવા મજબૂર થવું પડે છે. ગરીબ પરિવારો પર આર્થિક બોજ વધે છે અને પરિવહનનો ખર્ચ પણ આકરો પડે છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, શ્રી બી.વી. શ્રી નિવાસજી, કરશનદસ બાપુ ભાદરકા, જીલ્લા પ્રમુખ શ્રી રણજીતસિંહ તડવી, પૂર્વ ધારાસભ્ય શ્રી પી.ડી વસાવા, યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ નિનામા, છોટા ઉદેપુરના જીલ્લા પ્રમુખ શ્રી શશીકાંતભાઈ રાઠવા,ભરૂચ જીલ્લાના પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રી પરિમલસિંહ રાણા, સહિત મોટી સંખ્યામાં લોકો, કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮